©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] WEDNESDAY, 17th JUNE, 2026/JYAISTHA 27, 1948 [No. 4525

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

પાવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળ, પાવાગઢ

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની કલમ-૧૩ તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૫ મુજબ મુસદ્દારૂપ વિકાસ નકશો-૨૦૪૧ ને પ્રસિધ્ધિ આપવા બાબત.

અધિસૂચન

જા.નં. પાવાગઢ/ડી.પી./અધિસુચના/૪૮.–સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા નં. GH/V/110/ of 2023/UDUHD/MSM/e-file/18/2023/4349/L, Date : 17-06-2023 ના જાહેરનામાથી પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના મોજે: ચાંપાનેર, રાણીપુરા, છાજદિવાળી, રાયણવાડિયા, વડાતલાવ, ગોકળપુરા, જેપુરા અને માંડવી વિસ્તારને વિકાસ વિસ્તાર જાહેર કરી પાવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળની રચના કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ-૯ હેઠળ રાજ્યસરકારને પાવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળ તરીકે જાણીતા વિસ્તાર માટે આ સાથે જોડેલી અનુસૂચીમાં વર્ણવેલ વિકાસ પ્લાનનો મુસદ્દો તૈયાર કરી રજૂ કર્યો છે.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ-૧૩ ની પેટા-કલમ (૧) અનુસાર, પાવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળ, આથી, નોટિસ આપે છે કે રાજપત્રમાં વિકાસ પ્લાનના મુસદ્દાની પ્રસિધ્ધિની તારીખથી બે(૨) મહિનાની મુદતની અંદર, તેના સંબંધમાં કોઈ વ્યક્તિ પાસેથી મળે તેવા કોઈ વાંધા અને સુચનો પાવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળ વિચારણામાં લેશે.

અનુસૂચિ

૧. પાવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળના મુસદ્દારૂપ વિકાસ નકશાને હવે પાર્ટ-૧(Existing Conditions, Studies & Analysis), પાર્ટ-૨(Planning Proposals & Recommendations) જેમાં વિકાસ નકશામાં સમાવિષ્ટ જમીનોનો સુચિત ઉપયોગ અને તે બાબતમાં કરેલ સર્વેની વિગતો જે વિકાસ નકશાની દરખાસ્ત તૈયાર કરતા ધ્યાને લેવાયેલ છે.

૨. **નકશાઓ:**

ક. પાવાગઢ વિસ્તાર વિકાસસત્તામંડળનો હયાત જમીન વપરાશ દર્શાવતો નકશો.

(શીટ નંગ-૧: સ્કેલ ૧ સે.મી.=૧૧૦ મી.)

ખ. પાવાગઢ વિસ્તાર વિકાસસત્તામંડળનો હયાત જમીન વપરાશ દર્શાવતો નકશો.

(શીટ નંગ-૦૪: સ્કેલ ૧ સે.મી.=૮૦ મી.)

ગ. પાવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળની સુચિત વિકાસ યોજનાની દરખાસ્તને દર્શાવતો નકશો.

(શીટ નંગ-૧: સ્કેલ ૧ સે.મી.=૧૧૦ મી.)

ઘ. પાવાગઢ વિસ્તાર વિકાસસત્તામંડળની સુચિત વિકાસ યોજનાની દરખાસ્તને દર્શાવતો નકશો.

(શીટ નંગ-૦૪: સ્કેલ ૧ સે.મી.=૮૦ મી.)

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૦ અન્વયે ઉપરોક્ત મુસદ્દારૂપ વિકાસ-નકશાની નકલ પાવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળની કચેરીમાં, કચેરીના સમયે લોકોને જોવા માટે ખુલ્લી રાખેલ છે.

તા : ૧૨-૦૬-૨૦૨૬

સ્થળ : ગોધરા

સહી/- અવાચ્ય
મુખ્ય કારોબારી અધિકારી
પાવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળ
પાવાગઢ

કચેરીનું સરનામું :

પાવાગઢ વિસ્તાર વિકાસ સત્તામંડળની કચેરી,
C/O, કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
જિલ્લા સેવા સદન, ગોધરા, જિલ્લો : પંચમહાલ-૩૮૯૦૦૧.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.06.19 09:16:06 IST